# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

ઓપરેશન સેલ, જલસેવા ભવન, એરફોર્સ કચેરીની સામે,

'છ' રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

**Email: gwssb-opcell@gujarat.gov.in**

એન. પી. સોલંકી

મુખ્ય ઇજનેર


---

ક્રમાંક નં./ઓપરેશન સેલ/મોબાઇલ એપ/૨૦૦ તા.૦૧.૦૪.૨૦૨૪

પ્રતિ,

મુખ્ય ઇજનેરશ્રી,

ઝોન ૧, ૨, ૩, ૪, ૫, ૬

વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભુજ, જુનાગઢ, સુરત

વિષય : nCode Mobile Application બાબત

ભારત સરકારનાં જલજીવન મીશન અંતર્ગત ગુજરાતનાં તમામ ગામોને હાઉસહોલ્ડ ટેપ કનેક્ટિવીટીથી આવરી લીધેલ છે તેમજ દરેક ગામમાં યોગ્ય પાણી વિતરણ માટે આંતરીક વિતરણ વ્યવસ્થાનું માળખું ઊભું કરેલ છે. ઉક્ત કામગીરીના ભાગરૂપે અત્યાર સુધી પાઇપલાઇન તેમજ વિવિધ પોઇન્ટ એસેટ જેવા કે ESR, Sump, Tube well, Open Well, Handpump Cistern, WTP, Pumping Stations વગેરે એસેટનુ વિશાળ નેટવર્ક ઉભુ કરવામા આવેલ છે.

ઉક્ત તમામ પ્રકારની એસેટની યોગ્ય રીતે મરામત અને નિભાવણી કરવામા આવે તો તમામ ગામોને નિયમીત પુરતા પ્રમાણમા પાણી પુરુ પાડી શકાય. હાલ નાગરીકને કોઇ પણ પ્રકારની સમસ્યા હોય તો ટોલ ફ્રી નં ૧૯૧૬ પર કોલ કરી ફરીયાદ સ્વીકારવામા આવે છે. ઉક્ત સ્વિકારેલ ફરીયાદ અન્વયે યોગ્ય કામગીરી થઇ છે કે નહી તે સુનિશ્ચીત કરવા માટે nCode Solutions પાસેથી મોબાઇલ એપ બનાવવામા આવેલ છે. જેનો ઉપયોગ તમામ અધિકારી / કર્મચારી તથા ફિલ્ડ પર કામગીરી કરતા અન્ય સ્ટાફ અને મરામત અને નિભાવણી કરતી તમામ એજન્સીના તમામ ઓપરેટર / લાઇનમેન / સુપરવાઇઝર સ્ટાફ અને ગ્રામ્ય કક્ષાએ પાણી વિતરણ કરતા ઓપરેટર વગેરે દ્વારા કરવાનો રહે છે.

ઉક્ત એપ્લીકેશનમા મુખ્યત્વે ત્રણ કામગીરીનો સમાવેશ કરેલ છે.

- "ફરીયાદ" - ફરીયાદ નિવારણ અને તે અંગે જરૂરી ફોટો અને વિડીયો અપલોડની કામગીરી
- "નિરીક્ષણો" - સ્થળ પર રૂટીન પ્રક્રીયાના ભાગ રૂપે નિયમીત કરેલ મરામત અને નિભાવણીની કામગીરી
- "મુસાફરી લોગ" – વિવિધ એસેટ ખાતે કરેલ વિઝીટની કામગીરી

ઉક્ત એપ્લીકેશનના વાપરાશ માટે જરૂરી માર્ગદર્શન અંગેનો વિડીયો અને મેન્યુઅલ સમયાંતરે ઇ-મેલ અને WhatsApp દ્વારા ફિલ્ડ સુધી પહોચડવામા આવશે.

ઉક્ત મોબાઇલ એપ્લીકેશનમા લોગ-ઇન માટેનુ ID જે તે યુઝરનો પોતાનો મોબાઇલ નંબર રહેશે અને પાસવર્ડ ની જગ્યાએ ફક્ત OTP દ્વારા લોગઇન કરવાનુ રહેશે.

વધુ માહિતિ માટે બોર્ડ કચેરીના ઓપરેશન સેલ અને કોમ્પ્યુટર સેલનો સમ્પર્ક કરવાનો રહેશે.

મુખ્ય ઇજનેર
ઓપરેશન સેલ

નકલ સવિનય રવાના પ્રતિ,

- માન. અધ્યક્ષ શ્રી ના અંગત મદદનીશ શ્રી, તરફ જાણ સારુ
- માન. સભ્ય સચિવ શ્રી ના અંગત મદદનીશ શ્રી, તરફ જાણ સારુ

# ધ્યાનમા રાખવાના મુદ્દા

- મોબાઇલ એપ્લીકેશનમા લોગ-ઇન માટેનુ ID જે તે યુઝરનો પોતાનો મોબાઇલ નંબર રહેશે અને પાસવર્ડ ની જગ્યાએ ફક્ત OTP દ્વારા લોગઇન કરવાનુ રહેશે.
- તમામ અધિકારી / કર્મચારી / એજન્સી ઓપરેટર / લાઇનમેન / વાસ્મો સ્ટાફ / એજન્સી સુપરવાઇસર / ગ્રામ્ય કક્ષાના ઓપરેટર દ્વારા સદરહુ મોબાઇલ એપ્લીકેશનનો ઉપયોગ કરવાનો રહેશે.
- એપ્લીકેશનમા અપડેટ આવે ત્યારે એપ્લીકેશન અપડેટ કરવાની રહેશે.
- જે મરામત અને નિભાવણીની કામગીરીમા ૧૯૧૬ ખાતે ફરીયાદ આવેલ ન હોય તે કિસ્સામા "નિરીક્ષણો" અંતર્ગત રૂટીન કામગીરી જેવી કે એસેટની ચકાસણી, બેકવોશ, વાલ્વ ઓપરેશન વગેરે જેવી કામગીરી દર્શાવવાની રહેશે.
- તમામ ટીકીટ ક્લોઝ કરવા માટે મીનીમમ એક ફોટો અથવા વિડીયો ચડાવવો અનિવાર્ય રહેશે.
- શક્ય હોય ત્યા સુધી સ્થળ પરથી જ ફોટો અપલોડ કરવામા આવે તે વધુ હિતાવહ રહેશે.
- લોગ-ઇન વગેરેમા પડતી મુશ્કેલી અંગે nCode Team ના મોબાઇલ નંબર ૯૭૨૫૦૪૪૯૪૮ ખાતે સમ્પર્ક કરવાનો રહેશે. તેમજ જો દિન-૨ મા સમસ્યાનુ નિવારણ ન આવે તો ઓપરેશન સેલમા મોબાઇલ નંબર ૯૯૭૮૪૦૬૫૪૫ / ૯૯૨૫૧૯૫૨૮૪ પર સમ્પર્ક કરવાનો રહેશે.